# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-10-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# DHANTERAS FESTIVAL

**દેશભરમાં આજે ધનતેરસનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. આજથી દિવાળીના ઉત્સવનો પ્રારંભ થયો છે. ધનતેરસને ધન ત્રયોદશી અને ધન્વંતરિ જયંતિ પણ કહેવામાં આવે છે. આ શુભ દિવસે લોકો ભગવાન ધન્વંતરિ, ભગવાન કુબેર અને લક્ષ્મી માતાજીની પૂજા કરે છે અને સોના કે ચાંદીની વસ્તુઓ તથા નવા વાસણ ખરીદવા માટે આજનો દિવસ શુભ માનવામાં આવે છે.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ સોશિયલ મીડિયા પર સંદેશમાં લોકોને ધનતેરસની શુભેચ્છાઓ પાઠવી છે.**

. . . . . . . . . . . . .

# MINISTERS NEW OFFICE

રાજ્યમાં નવા મંત્રીમંડળના સભ્યોએ આજે ધનતેરસના પાવન દિવસથી કાર્યભાર સંભાળ્યો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પૂજા-અર્ચના કર્યા બાદ કાર્યભાર સંભાળ્યો. આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, નેતાઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કૅબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, જીતુ વાઘાણી અને ડૉક્ટર પ્રદ્યુમન વાજા સહિત શ્રમ, કૌશલ્ય વિકાસ તથા રોજગાર વિભાગના

રાજ્યકક્ષાના મંત્રી કાંતિલાલ અમૃતિયાએ પણ વિધિવત્ રીતે કાર્યભાર સંભાળ્યો. તેમણે કહ્યું, લોકોને રોજગારી મળે તે માટે તેઓ કામ કરશે. રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરિયાએ 12.39એ વિજય મુહૂર્તે કાર્યભાર સંભાળ્યો. જ્યારે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગનાં રાજ્યકક્ષાનાં મંત્રી રિવાબા જાડેજાએ પણ આજે કાર્યભાર સંભાળતાં પક્ષના ઉચ્ચ નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો. કાર્યભાર સંભાળ્યા બાદ કૅબિનેટ મંત્રી નરેશ પટેલની પ્રતિક્રિયા સાંભળીએ.

(BYTE: NARESH PATEL, CABINET MINISTER)

. . . . . . . . . . . . .

# BANASKANTHA PRAVIN MALI MANTRI

વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને વાહન વ્યવહાર રાજ્યમંત્રી તથા બનાસકાંઠા ડીસાના ધારાસભ્ય પ્રવિણકુમાર માળીએ આજે યાત્રાધામ અંબાજીમાં માતાજીના દર્શન કર્યા. તેમણે રાજ્યની શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. માધ્યમો સાથે વાત કરતાં તેમણે વિકસિત ભારત 2047ના સ્વપ્નને સાકાર કરવા સૌને સાથે મળીને કામ કરવાની પણ અપીલ કરી.

. . . . . . . . . . . . .

# PC BARANDA ARVALLI

આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પૂરવઠા, ગ્રાહકોની બાબતોના નવનિયુક્ત રાજ્યકક્ષાના મંત્રી પૂનમચંદ બરંડાએ આજે અરવલ્લીમાં ભગવાન શામળિયાજીના દર્શના કર્યા. મંત્રી પદ મળ્યા બાદ ભિલોડા વિધાનસભાના ધારાસભ્ય શ્રી બરંડા પહેલી વાર શામળિયાજીના દર્શનાર્થે આવ્યા. વધુમાં તેમણે શું કહ્યું સાંભળીએ.

**(BYTE: POONAMCHAND BARANDA, MINISTER OF STATE)**

. . . . . . . . . . . . . .

# CM MANJURI

રાજ્ય સરકારે માર્ગ મકાન વિભાગને વિવિધ યોજના હેઠળ 124 કામ માટે સાત હજાર 737 કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે. સત્તાવાર યાદી મુજબ, ભારે ટ્રાફિક ધરાવતા માર્ગોને વધુ સરળ, સલામત અને ઝડપી વાહનવ્યવહાર યોગ્ય રાખવા 809 કિલોમીટર લંબાઈના નવ ગરવી ગુજરાત હાઈ-સ્પીડ કૉરીડોરનું પણ પાંચ હજાર 576 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ કરાશે.

આ કૉરિડોર અંતર્ગત 12 નવા હાઈસ્પીડ કૉરિડોર વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે. સરકારે રાજ્યના માર્ગોને આબોહવા અનુકુળ અને ટૅક્નોલૉજી-યુક્ત બનાવવા એક હજાર 147 કરોડ રૂપિયા પણ મંજૂર કર્યા છે. તેમાંથી 271 કિલોમીટર લંબાઈમાં 20 કામ હાથ ધરાશે.

. . . . . . . . . . . . . .

# PABITRA MARGHERITA DAMAN

વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ઘેરીટા કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલૉજી પરિસરમાં સ્નાતક વર્ગના પદવીદાન સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે તેમણે કહ્યું, શૈક્ષણિક દસ્તાવેજ કાપડ અને ફેશન માળખાને મજબૂત બનાવવા મહત્વપૂર્ણ જ્ઞાન ભંડાર તરીકે સેવા આપે છે. ઊંડાણપૂર્વક સંશોધન કરાયેલા શૈક્ષણિક પ્રકાશન વાસ્તવિક વિશ્વની ઉદ્યોગ જરૂરિયાતો સાથે સૈદ્ધાંતિક આંતરદૃષ્ટિને જોડવામાં પરિવર્તનકારી ભૂમિકા ભજવે છે.

. . . . . . . . . . . . . .

# AMTS FREE SERVICE

અમદાવાદમાં ચાલતી અમદાવાદ મહાનગર પરિવહન સેવા- AMTSમાં લોકો આજથી 20 ઓક્ટોબર ત્રણ દિવસ નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી અને સ્વદેશી ઝૂંબેશ હેઠળ ખરીદીને પ્રોત્સાહન આપવા આ જાહેરાત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .